રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ-૧ થી ૧૨ના વર્ગોમાં શૈક્ષણિક કાર્યમાં સાવચેતીના ભાગરૂપે તકેદારી રાખવાની સૂચના બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

સચિવાલય, સરદાર ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર

તા.૧૯/૧૨/૨૦૨૧

સંદર્ભમાં લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૪/૨૦૨૧ ના પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક.

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૮/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૧/૧૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧)

<u>પ્રસ્તાવના:</u>

રાજ્યમાં જે તે સમયે કોવિડ-૧૯ ના કારણે રાજ્યની શાળાઓ બંધ રાખવાના નિર્ણયની વંચાણે લીધેલ (૧) પરના પત્રથી જાહેરાત કરવામાં આવેલ હતી. ત્યારબાદ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તારીખ ૨૭/૦૮/૨૦૨૧ ના ઠરાવ અને અન્ય ઠરાવથી રાજ્યની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગો માટે પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુન: શરૂ કરવામાં આવેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં સાવચેતીના ભાગરૂપે સતર્કતા રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>પરિપત્ર:</u>

સક્ષમકક્ષાના નિર્ણય અનુસાર રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ ના વર્ગો માટે શિક્ષણકાર્ય પુન: શરૂ કરવામાં આવેલ છે. આ સંબંધે, રાજ્યમાં આવેલ તમામ બોર્ડની સરકારી/ખાનગી અને અનુદાનિત શાળાઓના શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

1. તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા વેકસીનના બંને ડોઝ લેવાઈ જાય તે સુનિશ્ચિત કરવું.
2. કોઈ પણ વિદ્યાર્થીમાં સંક્રમણ ના લક્ષણો જણાય તો તત્કાળ નજીક ના આરોગ્ય કેન્દ્ર નો સંપર્ક કરવો.

૩. શાળા માં કોઈ વિદ્યાર્થીમાં કોઈપણ રોગના ચિન્હ/લક્ષણો જણાય તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ને ફરજીયાત જાણ કરવાની રહેશે. તેઓએ સ્થાનિક આરોગ્ય તંત્રના સંપર્ક માં રહી પૂર્વ સંરક્ષણાત્મક પગલાં ઝડપથી લેવાના રહેશે.

૪. તમામ વાલીઓને પણ નમ્ર અપીલ કરવામાં આવે છે કે આપના પરિવારમાં કે બાળકમાં કોઈપણ રોગચિન્હ/સંક્રમણના લક્ષણો જણાય તો તેવા સંજોગોમાં બાળકોને શાળાએ મોકલવા નહીં જેથી વધુ ફેલાવો વધતો અટકાવી શકાય, ઉપચારાત્મક પગલાં ઝડપથી લઈ શકાય.

૫. દરેક શાળાએ ઓફલાઇન શિક્ષણની સાથે ફરજીયાત રીતે ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થા પણ ચાલુ રાખવાની રહેશે.

સક્ષમકક્ષાની મંજૂરી અનુસાર સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

B.N.Era

(ભાવેશ એરડા)

અધિક સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્યસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, બ્લોક નં.૪, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, (નાણા), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓ, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર.

[પાનુ ઉલટાવવા વિનંતી]

- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ/મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓ/આચાર્યશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ.
- આઈ.ટી. શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

  (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

જા.નં/કોવીડ-૧૯/૨૦૨૧/17032
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, જિ-સુરત.
તા.૨૦/૧૨/૨૦૨૧.

ઉકત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ-સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓ તરફ,
જિ-સુરત.